# જિલ્લાની સખી મંડળોએ ૧૫ હજાર કાપડના રિયુઝેબલ માસ્ક બનાવ્યા

**કાપડના રિયુઝેબલ માસ્કના જથ્થાબંધ ઓર્ડર માટે સંપર્ક કરો : ૯૦૯૯૯ ૫૫૯૦૬**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં માસ્કની અચાનક માંગ વધી ગઈ હતી. આ માંગને સફળ રીતે પૂર્ણ કરવા માટે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સખી મંડળોને માસ્ક બનાવવા માટે ઓર્ડર કર્યો હતો. ગાંધીનગર જિલ્લા સખી મંડળોની બહેનોએ



અત્યાર સુધી ૧૫ હજાર જેટલા માસ્ક બનાવી સામાજિક અને નૈતિક જવાબદારી નિભાવવી છે.

કોરોના વાઈરસ નો ચેપ મોઢા, નાક તેમજ શ્વાસોશ્વાસ દ્વારા ફેલાય નહીં તેની તકેદારી ના ભાગરૂપે લોકોમાં માસ્ક નો ઉપયોગ અને આવશ્યક્તા વધી રહી છે. આમતો સ્વસ્થ વ્યક્તિ ને માસ્ક ની જરૂર નથી હોતી પરંતુ જેમને શરદી ખાંસી, તાવ જેવા લક્ષણો જોવા મળે ત્યારે માસ્ક પહેરવું જરૂરી છે અન્યથા ચેપ લાગવાની શક્યતા વધી જાય છે. જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર દ્વારા સાવચેતી ના પગલાં રૂપે જિલ્લા માં સીવણની તાલીમ લીધેલા સખીમંડળ ના બહેનો દ્વારા માસ્ક બનાવવાનું કામ સોપાયું છે.

આ બાબતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ના જિલ્લા લાઈવ્લિહૂડ મેનેજરે જીતેન પારેખે જણાવ્યુ હતું કે આ માસ્ક મોટાભાગે કોટન કાપડ કે જે ખાસ કરીને માસ્ક બનાવવા માટે વપરાય છે. તે મટિરિયલમાથીજ બનાવવા માં આવે છે અને જેને ગરમ પાણી થી ધોઈ રોજ ઉપયોગ માં લઈ શકાય છે. જેની સામે બજાર માં જે ડિસ્પોઝેબલ માસ્ક મળે છે તેનો ઉપયોગ સીમિત સમય માટેજ કરી શકાય અને તેનો ઉપયોગ કર્યા બાદ તેનો સાચી રીતે નાશ કરવો પણ ખૂબ આવશ્યક છે અન્યથા તે હાનિકારક બની રહે છે. કોટન કાપડ માંથી બનાવવા માં આવતા માસ્ક સેફ અને રિયુજેબલ હોવા થી વારે વારે માસ્ક ખરીદવામાં ની ઝંઝટ માથી મુક્તિ મળે છે.

આ પ્રકાર ના માસ્ક બાબતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સાથે મળેલ બેઠક બાદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કોટન માસ્ક બનાવવા ની કામગરી સખીમંડળ ને સોપવામાં આવી હતી. જે બાદ અન્ય સરકારી કચેરીઓ, સંસ્થાઓ દ્વારા પણ આ પ્રકાર ના માસ્ક બનાવવા ગ્રામીણ સ્વ-સહાય જૂથોને ઓર્ડર મળેલ છે. અત્યાર સુધીમા કુલ ૧૫૦૦૦ જેટલા માસ્ક આ બહેનો દ્વારા બનાવી એક સામાજિક અને નૈતિક જવાબદારી નિભાવવામાં આવી છે.

આ માસ્ક બનાવવા માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ગાંધીનગર ની એન.આર. એલ. એમ. શાખા દ્વારા જરૂરી તમામ મટિરિયલ આ ગ્રામીણ મહિલાઓ ને ઘર બેઠા મળી રહે તે પ્રમાણેનું આયોજન કરવામાં આવે છે જેથી આ લોકડાઉન ની સ્થિતિ માં પણ આ ભગીરથ કાર્ય અવિરત પણે ચાલુ રાખી શકાય અને ગ્રામીણ મહિલાઓને પણ ઘેર બેઠા આજીવિકા પણ મળી રહે.

આ પ્રમાણેના માસ્ક ની જરૂરિયાત હોય તો કોઈ પણ સરકારી કે બિનસરકારી કચેરી, એન.જી.ઓ., પ્રાઈવેટ કે સરકારી સંસ્થા જિલ્લા લાઈવ્લિહૂડ મેનેજર નો "૯૦૯૯૯૫૫૯૦૬" પર સંપર્ક કરી બલ્ક ઓર્ડર મુજબ માસ્ક મેળવી શકે છે.

# ગાંધીનગરમાં ૨૪ નાગરિકો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર-જિલ્લામાં લોકડાઉનની પરિસ્થિતિ વચ્ચે કામ વિના આંટાફેરા મારવા માટે બહાર નીકળેલા ૬ વિવિધ સ્થળેથી ૨૪ નાગરીકો સામે જાહેરનામા ભંગની ફરીયાદ પોલીસ દ્વારા નોંધવામાં આવી છે. એલસીબી-૨ પોલીસના જવાનો ડ્રોન કેમેરાની મદદથી અડાલજ બાલાપીર દરગાહથી ઝુંડાલ તરફ જતા માર્ગ પર હેતમણી સોસાયટીની અંદર ટોળુ વળીને બેઠેલા ત્રણ, ડભોડા કન્યા શાળા પાસે જાહેરમાં બેઠેલા ૪ શખ્સો, ડ્રોન કેમેરાથી વાવોલ ગ્રામ પંચાયત વિસ્તારમાંથી ૪ શખ્સો, તેમજ ઉર્જાનગર સોસાયટી વિભાગ-૨ પાસે બાંકડા પર બેઠેલા ૫ શખ્સો સામે જાહેરનામા ભંગ બદલ કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે ઈન્ફોસીટી પોલીસે સરગાસણ વેરાઈ માતાના મંદિર પાસે વડ નીચે બેઠેલા ૫ શખ્સો સામે તેમજ એલસીબી પોલીસે વાસણીયા મહાદેવ મંદિર પાસે મામા ટી સ્ટોલ પાસેથી ત્રણ શખ્સોની જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### જાહેરનામા ભંગ બદલ પોલીસે પકડી પાડેલા નાગરીકો

અડાલજ હેતમણી સોસાયટી પાસેથી અશોક સકરાભાઈ પ્રજાપતિ, ભરત ડાહ્યાભાઈ પ્રજાપતિ, જશુ સેંધાભાઈ પ્રજાપતિ, ડભોડા કન્યા શાળા પાસેથી વિનોદ તખુજી બિહોલા, શંકરજી લક્ષ્મણજી પરમાર,રજુજી ગોકાજી પરમાર, સોનાજી રમેશજી સોલંકી, વાવોલ ગ્રામ પંચાયત પાસેથી તૌસીફ અનવરભાઈ શેખ, ઈમ્તીયાઝ અહેમતભાઈ શેખ, યુનુસભાઈ મહેબુબભાઈ દિવાન, જગદીશભાઈ રામાભાઈ પ્રજાપતિ, રાંદેસણ ઉર્જાનગર સોસાયટી વિભાગ-૨ પાસેથી ધવલ ભાનુપ્રસાદ જાની, રમેશચંદ્ર નટવરલાલ પટેલ, અરવિંદ પરષોતમભાઈ ભાવસાર, શાંતિલાલ કુવરજી પ્રજાપતિ, મુકેશકુમાર કનૈયાલાલ શાહ, સરગાસરણ ગામમાંથી લક્ષ્મણજી ઠાકોર, અરવિંદ પુજાજી રાઠોડ, કિરીટ વિષ્ણુભાઈ સાધુ, દિલિપ કરશનજી ઠાકોર, દીપુજી નાથુજી વાઘેલા, વાસણીયા મહાદેવ પાસેથી જયદિપસિંહ બળદેવજી વાઘેલા, વિક્રમભાઈ અજમલજી ઠાકોર, હરેશ ભરતભાઈ નાઈને પકડી પાડી જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાટનગરની પ્રજાનો પડકાર "પ્રકાશપૂંજ"નું પ્રોત્સાહન પામશે

**આજે રાત્રે ૯ કલાકે ૯ મિનિટ માટે ગાંધીનગર પ્રકાશ પર્વ ઉજવવા સજ્જ : નાગરિકોના ઉત્સાહ સાથે વિવિધ સંસ્થાઓના પણ આયોજન**

વિશ્વવ્યાપી મહામારી બની ચુકેલા નોવેલ કોરોના કોવિદ-૧૯ના સંક્રમણ સામે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનતા કરફ્યુના આહવાન સાથે લડતના મંડાણ કર્યા હતા જે દરમ્યાન તેમણે આ લડતના સૈનિકોને બિરદાવવા અભિવાદન નાદ કરવાનું પણ આહવાન કર્યુ હતુ દેશવાસીઓએ અભૂતપૂર્વ પ્રતિસાદ આપ્યો હતો. હજુ પણ ભારતની લડાઈ કોરોના સામે ચાલુ છે અને હવે વડાપ્રધાને તા. ૫ મી એપ્રિલ રવિવારે રાત્રે ૯ કલાકે ૯ મિનિટ માટે "પ્રકાશપૂંજ" થકી પ્રજાના પડકારને પ્રોત્સાહન આપવાનું અભિનવ આહ્વાન કર્યુ છે. આ આહવાનને પણ સમગ્ર દેશ સહિત ગાંધીનગરની જનતા વધાવી રહી છે અને શહેરમાં અભૂતપૂર્વ પ્રકાશપર્વ ઉજવવા કટિબદ્ધ બની છે.

વડાપ્રધાને જનતા કરફ્યુ બાદ લાદેલા ૨૧ દિવસના લોકડાઉનમાં દેશની પ્રજા કંટાળી ના જાય અને તેને પ્રોત્સાહન મળે, પ્રજાના પડકારમાં નવી ઉર્જાનો સંચાર થાય તેવા હેતુ સાથે હવે રવિવારે રાત્રે ૯ કલાકે માત્ર ૯ મિનિટ માટે પોતાના ઘરના દરવાજે, ફ્લેટ હોય તો બાલકનીમાં કે ઘરના આંગણામાં જ ઉભા રહી દિવો, મીણબત્તી કે મોબાઈલની ટોર્ચથી પ્રકાશપૂંજ ફેલાવાનું કહ્યું છે. આ દરમ્યાન ઘરની લાઈટો બંધ રાખવાની છે પરંતુ ઘરના અન્ય વીજ ઉપકરણો ચાલુ રાખવા રાજ્ય સરકારે ભલામણ કરી છે. નાગરિકોમાં તો પ્રકાશપૂંજ રેલાવવા બાબતે અત્યારથી જ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે જે સોશિયલ મિડીયા થકી પ્રગટ પણ થઈ રહ્યો છે સાથે શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા પણ આ પ્રકાશ પર્વને સફળ બનાવવા યોગદાન આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ જોતા જણાય છે કે અભિવાદન નાદની જેમ આ પ્રકાશપર્વ પણ ગાંધીનગરમાં અભૂતપૂર્વ રીતે ઉજવાશે અને આપત્તિના સમયમાં પ્રજાને એકબીજા સાથે ખભેખભો મિલાવીને લડવાની નવી શક્તિ પ્રાપ્ત થશે.

**જો જો, પ્રકાશ પર્વમાં "સોશિયલ ડિસ્ટન્સિંગ" જાળવવાનું ભુલી ના જતા..!!**

અગાઉ જનતા કરફ્યુ દરમ્યાન વડાપ્રધાને કરેલા તાળી-થાળી વગાડવાના આહવાનને નાગરિકોએ વધુ પડતો ઉત્સાહ દાખવી શેરીઓમાં એકઠાં થઈને 'સોશિયલ ડિસ્ટન્સિંગ'ના નોર્મ્સનો ભંગ કર્યો હતો જેને અનુલક્ષીને આ વખતે પ્રકાશ પર્વમાં એ "ભૂલ"ના થાય અને નાગરિકો માત્ર પોતાના આંગણે, દરવાજે કે બાલ્કનીમાં જ ઉભા રહી દિપ પ્રગટાવે તેવી તાકીદ કરવામાં આવી રહી છે. જેથી 'સોશિયલ ડિસ્ટન્સિંગ' જળવાઈ રહે તો અત્યાર સુધી ઉઠાવેલી જહેમત બરબાદ ના થઈ જાય.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાતંત્ર દ્વારા શ્રમિકો માટે ઉભા કરાયેલ આશ્રયસ્થાનો પર આજે સૌને આયુર્વેદના ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લામાં ૧૫ હજાર જેટલા પરિવારોને અન્ન બ્રહ્મ યોજના હેઠળ સસ્તા અનાજની કીટ આપવામાં આવશે.
- આજે ૫ મી એપ્રિલના રોજ રાત્રે તમામ ગ્રામ પંચાયતો, નગરપાલિકા અને મહાનગર પાલિકાઓમાં સ્ટ્રીટલાઈટો ચાલુ રહેશે તેમ ઊર્જા વિભાગના સૂત્રોએ કહ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં આજે લોકડાઉનનું અસરકારક અમલીકરણ થયુ હતુ.
- ગાંધીનગર જિલ્લાના માણસા પંથકની લોદરા નજીકની એક હોટલમાં ક્વોરેન્ટાઈલ થયેલ બે દર્દી પોઝીટીવ આવતાં જિલ્લાતંત્ર દ્વારા ફ્યુમીગેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં અગ્રતા ધરાવતા અંત્યોદય પરિવારોને રેશનીંગની કીટનું વિતરણ ૯૦ ટકા કરતાં પણ વધુ પૂર્ણ થયુ છે.

### શાહપુર પાસેથી દેશી દારુ સાથે બે યુવાનો ઝડપાયા

ગાંધીનગર શહેર નજીક આવેલા શાહપુર પાસેથી દેશી દારુ લેવા માટે નીકળેલા બે ઈસમોને એલીસબી-૨ પોલીસે દેશી દારુ સાથે પકડી પાડ્યા હતા. એલસીબી પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન શાહપુર પાસે બાઈક પર સવાર રાંદેસણના ઠાકોર વાસમાં રહેતા સંદિપસિંહ જેસંગજી ઠાકોર (ઉં.૨૬) અને વિજય શકરાજી ઠાકોર (ઉં.૩૬)ને પકડી પાડ્યા હતા. પોલીસે રૂ.૧૫ હજારની કિંમતનું બાઈક અને ૨૦ની કિંમતનો દેશીદારુ જપ્ત કરી બંન્ને સામે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઓનલાઈન ઓર્ડર આપી દેવા છતાં શોપીંગ મોલ દ્વારા દિવસો સુધી હોમ ડિલીવરી નથી અપાતી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના સેક્ટર-૨૧ ખાતેના એક શોપીંગ મોલમાં છેલ્લા ૪ દિવસથી ઓર્ડર નોંધાવવા છતાં હોમ ડિલીવરી આપવામાં આવી રહી નથી. શહેરમાં લોકડાઉન દરમ્યાન હવે નાગરિકોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની ઘરે બેઠાં ડિલીવરી મળશે તેવો વ્યવસ્થાતંત્રએ નિર્ણય લીધો હોવા છતાં આ પ્રકારની ફરિયાદો ગ્રાહકો પાસેથી પ્રાપ્ત થઈ રહી છે.



મળતી વિગતો અનુસાર સરગાસણ વિસ્તારમાં રહેતા એક ગ્રાહક દ્વારા સેક્ટર-૨૧ના જાણીતા શોપીંગ મોલમાં પોતાને રોજીંદી જરૂરી એવી અનાજ-કરિયાણા સહિતની આવશ્યક ચીજવસ્તુઓનો ઓનલાઈન ઓર્ડર આપવામાં આવ્ય હતો પરંતુ ચાર દિવસ સુધી મોલ દ્વારા ઓર્ડરની ડિલીવરી કરવામાં નથી આવી અને ગ્રાહક દ્વારા તે અંગે વારંવાર ફોન કરવા છતાં કોઈ સંતોષકારક ઉકેલ પ્રાપ્ત થવા નથી પામ્યો.

જો આ રીતે શહેરના શોપીંગ મોલ્સ દ્વારા વ્યવસ્થાતંત્રની સૂચનાઓને અવગણીને ગ્રાહકોને આવશ્યક ચીજવસ્તુઓની ડિલીવરી આપવામાં ગલ્લા-તલ્લાં કરી અનાજ-કરિયાણાની ચીજવસ્તુઓનો સ્ટોક કાળા બજારી કરવા ભરી રાખવામાં આવશે તો લોકડાઉન દરમ્યાન મધ્યમ વર્ગનું જીવન પણ દોહ્યલુ થઈ જશે તેમાં મીનમેખ નથી જણાતો. વ્યવસ્થાતંત્રએ પણ સત્વરે આ બાબતે પગલાં ભરવા જરૂરી જણાઈ રહ્યાં છે.

# કલ્ચરલ ફોરમ પણ મુખ્યમંત્રી રાહત ફંડમાં નોંધપાત્ર યોગદાન આપશે

**સંસ્થાના તમામ સભ્યોને યોગદાન આપવા નિયત બેંક એકાઉન્ટમાં ફંડ જમા કરાવવા અપીલ : મહામારીના સમયમાં સામાજિક જવાબદારી નિભાવવી અત્યંત અનિવાર્ય : કૃષ્ણકાન્ત જહા**

ગાંધીનગર તા ૪

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસની મહામારીના લીધે હાહાકાર મચી ગયો છે. જયારે આ સ્થિતિ વચ્ચે સરકારને આ લડતમાં સહયોગ પુરો પાડવા માટે નગરની જાણીતી સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમે પણ મુખ્યમંત્રી રાહત ફંડમાં નોંધપાત્ર યોગદાન પુરુ પાડવા માટે સંકલ્પ કર્યો છે. જયારે આ માટે સંસ્થા દ્વારા તમામ સભ્યોને પોતાની સામાજિક જવાબદારી નિભાવવા માટે ઉદાર હાથે યોગદાન આપવા માટે અપીલ કરી છે.

કોરોના વાયરસે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. વિશ્વમાં કોરોનાથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ૯ લાખ ઉપર પહોંચી ગઈ છે. જયારે ભારતમાં પણ ૨ હજારથી વધુ કોરાનાના દર્દીઓ નોંધાયા છે. આ તબક્કે કોરોના વાયરસની મહામારીને અનુલક્ષી દેશમાં સેવાભાવી સંસ્થાઓ તેમજ દાતાઓ આગળ આવીને સરકારને સહયોગ કરવાનુ ઉમદા કાર્ય કરી રહ્યા છે. કોરોનાની મહામારી સામે લડત આપવા ગાંધીનગરમાં પણ સેવાભાવી સંસ્થાઓ સેવા કાર્યો કરવા આગળ આવી રહી છે. શહેરમાં વર્ષોથી સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને વેગ આપતી સંસ્થા કલ્ચરલ ફોરમે પણ કોરોના કહેર સામે લડત આપવા મુખ્યમંત્રી રાહત ફંડમાં નોંધપાત્ર ફંડ આપવા માટે સંકલ્પ કર્યો છે. સરકારને આર્થિક સહયોગ પુરો પાડવા માટે સંસ્થાએ અભિયાન હાથ ધર્યુ છે. કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ સંસ્થાના તમામ સભ્યોને યથાયોગ્ય યોગદાન આપવા અપીલ કરી છે. જયારે સંસ્થાના સભ્યોની મદદ થકી આ રકમ મુખ્યમંત્રી રાહત ફંડમાં જમા કરાવવા જણાવ્યુ છે. કલ્ચરલ ફોરમના સભ્યોને 'ગાંધીનગર કલ્ચરલ ફોરમ'ના ખાતામાં સે-૧૬ સ્થિત દેના બેંક (હવે, બેંક ઓફ બરોડા)ની શાખામાં ખાતા નંબર ૦૯૮૫૧૧૦૦૦૧૨૫ આરટીજીએસ/આઈએફએસસી કોડ BKDN0130985 મુજબ એકાઉન્ટમાં જમા કરાવવા જણાવ્યુ છે. કોરોના સામેના આ લડતમાં સભ્યો પોતાનુ યોગદાન આપીને સામાજિક જવાબદારી પણ નિભાવશે તેવી શ્રધ્ધા પણ સંસ્થાના અધ્યક્ષે વ્યકત કરી છે. આ ઉપરાંત ચેક કે રોકડ ડીપોઝીટની સ્લીપનો ફોટો પાડીને ૮૮૪૯૯૫૧૬૨૮ પર મોકલી આપવા સંસ્થાએ સભ્યોને વિનંતી કરી છે.



લોકડાઉનના સમયમાં તમામ ધંધા-રોજગાર બંધ છે ત્યારે શાકભાજી અને અનાજ કરીયાણા જેવી જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ જ હાલમાં મળી રહી છે. જો કે લોકો ઘરની બહાર નીકળતા ન હોવાથી શાકભાજીના ફેરીયાઓ અને વેપારીઓ પણ મંદીનો સામનો કરી રહ્યા છે. ખરીદે તો માલ બગડે નહી તે માટે તેઓ સેક્ટરે સેક્ટરે ફરીને માલનું વેચાણ કરી રહ્યા છે.

### કોલેજોમાં પણ પરીક્ષા વગર પરિણામ આપવા વિચારણા

ગુજરાત રાજયની યુનિવર્સિટીની પરીક્ષામાં કોરોનાના કારણે અડચણ ઉભી થતાં અંતે કોલેજમાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન નહીં પરંતુ પ્રોરેટા મુજબ પરિણામ જાહેર કરવાની દિશામાં શિક્ષણ વિભાગ દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી છે. આ માટે શિક્ષણવિભાગ તરફથી રાજયની તમામ યુનિવર્સિટીના કુલપતિ સહિતના શિક્ષણશાસ્ત્રીઓ પાસેથી જરૂરી સલાહ સૂચનો મંગાવ્યા છે. આગામી અઠવાડિયામાં આ અંગેનો નિર્ણય જાહેર કરી દેવામાં આવે તેવી શક્યતા છે, જેમાં પોસ્ટ ગ્રેજ્યુએટની પરીક્ષા જૂનમાં લેવાનો પણ નિર્ણય થઈ શકે છે. છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં કોરોનાના પ્રવર્તી રહેલા કહેરના કારણે લોકડાઉન હોવાથી રાજયની વિવિધ યુનિવર્સિટીની પરિક્ષાઓ અટવાઈ ગઈ છે.

આપણે સુરક્ષિત તો રાષ્ટ્ર સુરક્ષિત
ગુજરાત સરકાર
કોરોના રોગચાળાના વાયરસ સમયે...
સ્વયંની સારસંભાળ અને રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે આયુર્વેદિક ઉપાય



આયુર્વેદિક ઘરગથ્થુ ઉપાય | સવારે તેમજ સાંજે તલ/નારિયેળનું તેલ કે ઘી નાકનાં બંને છિદ્રોમાં લગાવો

માત્ર એક ચમચી તલ/નારિયેળનું તેલ લઈ બે થી ત્રણ મિનિટ કોગળા કરતા હોય તેમ મોઢાંમાં ફેરવો ત્યારબાદ તેને બહાર કાઢ્યા પછી ગરમ પાણીથી કોગળા કરી લો. આવું દિવસમાં એક થી બે વખત કરવું

ખાંસી/ગળામાં ખારાશ માટે | દિવસમાં ઓછામાં ઓછું એક વાર ફુદીનાનાં પાંદડા/અજમો પાણીમાં નાંખી તેની વરાળનો નાસ લો

ખાંસી કે ગળામાં ખારાશ થાય તો લવિંગનાં ચૂર્ણમાં ગોળ કે મધ મિક્સ કરી દિવસમાં બે થી ત્રણ વાર લો (આમ છતાં લક્ષણો યથાવત રહે તો ડોક્ટરની સલાહ લો)

ઘરે રહીને આયુર્વેદિક ઉપચારો અપનાવીએ, નિરોગી અને સ્વસ્થ રહી, કોરોના વોરિયર તરીકેની જવાબદારી નિભાવીએ.
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

રોગોથી બચવા આયુર્વેદની દિનચર્યા અને ઋતુચર્યાને અનુસરીએ.
વધુ જાણકારી www.ayush.gujarat.gov.in પરથી મળશે